મહાગઠબંધનમાં સંકટ ટળ્યું

બિહારમાં આરજેડી અને કોંગ્રેસ દ્વારા બેઠકોની જાહેરાત : બેઠક વહેંચણી ફોર્મ્યુલા હેઠળ આરજેડી ૧૯, કોંગ્રેસ ૯ અને અન્ય પક્ષો ૧૨ બેઠકો ઉપર ચૂંટણી મેદાનમાં ઉતરશે

પટણા,તા. ૨૯

બિહારમાં રાષ્ટ્રીય જનતા દળ અને કોંગ્રેસમાં બેઠકોની વહેંચણીને લઈને ચાલી રહેલા વિવાદનો અંત આજે આવી ગયો હતો. આની સાથે જ કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ બંનેને રાહત થઈ છે. બંને પાર્ટીઓએ ઉમેદવારોના નામની જાહેરાત હવે કરી દીધી છે. પટણામાં આજે સવારે પત્રકાર પરિષદ યોજીને આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યના ભુતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન અને આરજેડીના નેતા તેજસ્વી યાદવે લોકસભા સીટને લઈને હિસ્સેદારીની જાહેરાત કરી હતી. બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા હેઠળ સૌપોલ અને પટણા સાહિહ લોકસભા સીટ પર કોંગ્રેસના ઉમેદવાર મેદાનમાં રહેશે. પત્રકાર પરિષદમાં તેજસ્વી યાદવે કહ્યુ હતુ કે મહાગઠબંધન અતુટ છે. અમે પહેલા પણ કહી ચુકયાછીએ કે આ ગઠબંધન જનતાના દિલોના ગઠબંધન તરીકે છે. આવનાર લડાઈ બંધારણ બચાવવા માટેની લડાઈ છે. લોકશાહી બચાવવા માટેની લડાઈ છે. ન્યાય અને અન્યાયની લડાઈ છે. બેઠકોની કરવામાં આવેલી વહેંચણી મુજબ આરજેડીની પાસે ૧૯ સીટો રહેલી છે. જ્યારે કોંગ્રેસની પાસે નવ સીટો રહેલી છે. અન્ય દળોની પાસે ૧૨ સીટો રહેલી છે. છેલ્લા કેટલાક સમયથી તેમની વચ્ચે ખેંચતાણ ચાલી રહી હતી. કોંગ્રેસ પાર્ટી કિશનગંજ, કટિહાર, પુર્ણિયા, સમસ્તીપુર બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતરનાર છે. અન્ય પક્ષોને પણ કુલ મળીને ૧૨ સીટો મળી ગઈ છે. બિહારમાં મહાગઠબંધન અને એનડીએ વચ્ચે મુખ્ય ટક્કર છે. લાલુની ગેરહાજરીમાં આ ચૂંટણી યોજાઈ રહી છે.

આરજેડીના ખાતામાં જે સીટો આવી છે તેમાં ભાગલપુર, બાંકા, માધેપુરા, દરભંગા, વૈશાલી, ગોપાલગંજ, સિવાન, મહારાજગંજ, સારન, હાજીપુર, બેગુસરાય, પાટલીપુત્ર, બક્સર, જહાનાબાદ, નવાદા, ઝંઝારપુર, અરેરિયા, સીતામઢી અને શિવહરનો સમાવેશ થાય છે. કોંગ્રેસ પાસે જે નવ સીટો છે તેમાં કિસનગંજ, કટિહાર, પુર્ણિયા, સમસ્તીપુર, મુંગેર, પટણાસાહિબ, સાસારામ, વાલ્મિકીનગર અને સુપૌલનો સમાવેશ થાય છે. અન્ય ૧૨ સીટો જેમની પાસે ગઈ છે તે પૈકી આરએલએસપી પાંચ સીટો ઉપર ચૂંટણી લડશે જેમાં પશ્ચિમ ચંપારણ, પૂર્વીય ચંપારણ, ઉજીયારપુર, કારાકાટ, જમુઈનો સમાવેશ થાય છે જ્યારે હમ દ્વારા ત્રણ સીટો ઉપર ચૂંટણી લડવામાં આવશે જેમાં નાલંદા, ઔરંગાબાદ અને ગયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વીઆઈપી ત્રણ સીટો ઉપર ચૂંટણી લડશે જેમાં મધુબની, મુઝફ્ફરપુર, ખગડિયાનો સમાવેશ થાય છે. સીપીઆઈની પાસે આરા સીટ છે. છેલ્લા ઘણા સમયથી આરજેડી અને કોંગ્રેસ પાર્ટી વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને ખેંચતાણ ચાલી રહી હતી. એમ માનવામાં આવી રહ્યું હતું કે, બંને પાર્ટી વચ્ચે મહાગઠબંધન તુટી પડશે પરંતુ આખરે સંકટ ટળી ગયું હતુ અને બેઠકોની વહેંચણી થઈ હતી.

ઉત્તરપ્રદેશમાં મોદીની ૨૦ રેલી યોજાશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચારનુ રણશિંગુ ફુંકી ચુક્યા છે. મોદીએ ઉત્તરપ્રદેશના મેરઠમાં રેલી યોજીને પ્રચારની શરૂઆત કર્યા બાદ આગામી દિવસોમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરનાર છે. મોદીની રેલી અને કાર્યક્રમને લઈને તમામ તૈયારી કરવામાં આવી રહી છે. એકલા ઉત્તરપ્રદેશમાં મોદી ૨૦થી વધારે રેલી કરનાર છે. આના માટે કાર્યકરો ભારે ઉત્સાહિત પણ છે. મોદીની ઉત્તરપ્રદેશમાં ૫૦ રેલી માટેની મંજુરી પ્રદેશ એકમ દ્વારા માંગવામાં આવી હતી. જો કે આ માંગ પૈકી ૨૦ રેલી કરવા માટેની મંજુરી મળી છે. મોદીના કાર્યક્રમ મુજબ મોદી મેરઠમાં જોરદાર પ્રચારની શરૂઆત કરી ચુક્યા છે ત્યારે આગામી રેલી સહારનપુર અને બિઝનોરમાં પાંચમી એપ્રિલના દિવસે યોજાનાર છે. અન્ય રેલીના કાર્યક્રમ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ૨૦ રેલીને મંજુરી મળી છે.

મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસીની રેલીને લઈને હજુ કોઈ વાત કરવામાં આવી નથી. ઉત્તરપ્રદેશ રાજકીય રીતે સૌથી મહત્વપૂર્ણ છે. કારણ કે અહીં લોકસભાની સૌથી વધારે સીટો રહેલી છે. ભાજપને સૌથી વધારે તાકાત પણ અહીં જ લગાવવાની ફરજ પડી રહી છે. ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકરો નરેન્દ્ર મોદીની રેલીને લઈને આક્રમક તૈયારીમાં લાગેલા છે. તેમની પ્રથમ મેરઠ રેલીમાં જે રીતે મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા તે જોતા મોદી અને ભારતીય જનતા પાર્ટીના લોકો છે. છેલ્લી ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને મોટા ભાગની સીટો જીતી લીધી હતી. આ વખતે પણ ભારતીય જનતા પાર્ટી માટે અન્ય પક્ષો કરતા તો સ્થિતી ખુબ સારી દેખાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ.

ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મીલોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે.

યુપીમાં રાહુલ ગાંધી અને પ્રિયંકાની ૧૫ રેલી યોજાશે

લોકસભા ચૂંટણી માટેનો તબ્બો ગોઠવાઈ ગયો છે ત્યારે કોંગ્રેસ પાર્ટીએ પણ આ વખતે રાજકીય રીતે સૌથી ઉપયોગી રહેલા ઉત્તરપ્રદેશમાં ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. એકબાજુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પોતે જોરદાર પ્રચાર કરી રહ્યા છે. બીજી બાજુ તેમના બહેન પ્રિયંકા વાઢેરા પણ પ્રચારમાં લાગેલા છે. આ વખતે પાર્ટીમાં વિધિવત રીતે સામેલ થયા બાદ અને પાર્ટીમાં મોટી જવાબદારી મળ્યા બાદ પ્રિયંકા પણ સક્રિય રીતે કાર્યકરોની વચ્ચે પહોંચી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ ઉત્તરપ્રદેશમાં રાહુલ અને પ્રિયંકા ગાંધીની પણ અનેક રેલીઓ થનાર છે. હાલના કાર્યક્રમ મુજબ ઉત્તરપ્રદેશમાં રાહુલ ગાંધી ૧૫થી ૧૮ મોટી રેલી કરનાર છે. જેમાં કોંગ્રેસના મહાસચિવ સહિત ટોપના નેતાઓ સામેલ રહેશે. સુત્રોના કહેવા મુજબ કોંગ્રેસ પ્રમુખની મોટી રેલી લખનૌ, ફેજાબાદ, બારાબંકી, સારનપુર, ગાજિયાબાદ, બરેલી, ફતેહપુર સિકરી, અલીગઢ, કુશીનગર, પ્રતાપગઢ, અલ્હાબાદ, કાનપુર, અને ઝાંસીનો સમાવેશ થાય છે. અન્ય સ્થળો પર પણ કાર્યકરો અને પ્રદેશ એકમ દ્વારા માંગણી કરવામાં આવ્યા બાદ રેલી થઈ શકે છે. કોંગ્રેસ પાર્ટી ઉત્તરપ્રદેશમાં તેની ગુમાવેલી પ્રતિષ્ઠાને હાંસલ કરવા માટે પ્રયાસ કરી રહી છે. હાલમાં પાર્ટી સૌથી નબળી સ્થિતીમાં છે.

અરવલ્લી જીલ્લામાં ૮ થી ૨૨ વર્ષની દીકરીઓને

કેન્દ્ર સરકાર ૨ લાખની સહાયે પ્રજાજનોને પોસ્ટ ઓફિસે દોડાવ્યા

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા ''બેટી બચાવો બેટી પઢાવો'' યોજનામાં કેન્દ્ર સરકાર ૮ થી ૨૨ વર્ષની દીકરીઓને ૨ લાખની સહાય આપવામાં આવશેની ભ્રામક યોજનાના મેસેજથી જીલ્લાના પ્રજાજનોમાં ભારે દોડધામ મચી હતી. સહાય મેળવવા પ્રજાજનો ભારત સરકાર મહિલા અને વિકાસ મંત્રાલય શાસ્ત્રીભવન નવી દિલ્હીના પંજીકૃત ફોર્મ ઝેરોક્ષની દુકાનો અને ગ્રામ્ય વિસ્તારોમાં લેભાગુ તત્વો ૧૦૦ રૂપિયામાંફોર્મવેચાણ કરતા લાલચમાં આવી પ્રજાજનોએ ફોર્મ મેળવી જીલ્લાની પોસ્ટ ઓફિસમાં ડોટ લગાવતા ભારે અફડાતફડી મચી હતી. પોસ્ટ ઓફિસના કર્મચારીઓ અને વહીવટીતંત્ર દ્વારા ખુલાસો કરવા છતાંપ્રજાજનોએ રજીસ્ટર એડી કરવા લાઈન લગાવી હતી.

અરવલ્લી જીલ્લામાં લેભાગુ તત્વોએ ભારત સરકાર મહિલા અને વિકાસ મંત્રાલય શાસ્ત્રીભવન નવી દિલ્હી નામથી બહાર પડેલ બેટી બચાવો બેટી પઢાવો અભિદાન પંજીકૃત ફોર્મ બનાવી તે ફોર્મની હજ્જારો ઝેરોક્ષ કઢાવી અને ૮ થી ૨૨ વર્ષ સુધીની દીકરીઓને ૨ લાખ રૂપિયા આપવાના પ્રલોભન અપાતા ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦૦-૧૦૦ રૂપિયામાં છેલ્લા ૨ દિવસમાં ફોર્મ વિતરણ કરતા અને શનિવારે મોડાસા શહેરમાં પણ ઝેરોક્ષની કેટલીક દુકનોમાં આ ફોર્મનું વેચાણ ચાલુ થતા લોકોએ પડાપડી કરી ફોર્મ મેળવી કોર્પોરેટરની સહી કરાવી અને ગ્રામ્ય વિસ્તારમાં સહી સિક્કા કરી ફોર્મ ભરી ફોર્મ સરકાર મહિલા અને વિકાસ મંત્રાલય શાસ્ત્રીભવન નવી દિલ્હી મોકલાવા જીલ્લાની પોસ્ટ ઓફિસોમાં લાઈનો લાગતા પોસ્ટ કર્મચારીઓ પણ ફાંફે ચઢ્યા હતા. પ્રજાજનોને અને મહિલાઓને સમજાવવા છતાં રજીસ્ટર એડી કરવા પડાપડી કરી હતી.

અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આવી કોઈ યોજના કેન્દ્ર સરકાર દ્વારા ચાલતી ન હોવાની અને આ જાહેરાત સત્યથી વેગળી હોવાની સ્પષ્ટતા કરવી પડી હતી તેમ છતાં પ્રજાજનો આ વાત માનવા તૈયાર ન હોય તેમ લાઈનો યથાવત જોવા મળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ''બેટી બચાવો બેટી પઢાવોના'' પોન્જી ફોર્મમાં સરપંચ અને નગરસેવકની સહી સિક્કા ઓળખ તરીકે માંગ્યા હોવાથી ગ્રામ્ય વિસ્તારના સરપંચ અને નગરસેવકોએ પણ કોઈપણ જાતની ખરાઈ કર્યા વગર સહી સિક્કા કરી આપતા આ પોન્જી સ્કીમના ફોર્મ મેળવવા અને રજિસ્ટરએડી કરવાની વાતને સમર્થન મળ્યું હોય તેમ વાયુ વેગે પ્રસરતા ભારે અફડાતફડી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી હતી.

ખેડબ્રહ્મા તાલુકામાં સેલીંગના નામે છેતરપીંડી

ખેડબ્રહ્મા શહેરમાં સિત્તેર લાખનો માલ ગોડાઉનમાં માલ સિજ કર્યાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં ખેડબ્રહ્મા શહેરમાં ફાયર સેફ્ટીના નામે છેતરપીંડી કરતા ઈસમો ચૂનો લગાવી ગયો છે ચર્ચાએ જોર પકડ્યું છે. ધોળાં દિવસે સેલીંગ નામે ઠગાઈ કરી છે વેપારીઓને ધોળા દિવસે ઠગાયાનો એહસાસ થતાં વધુમાં તપાસ હાથ ધરી હતી.

તલોદમાં યોજાઈ ફ્લેગ માર્ચ

આવનાર લોકસભાની ચૂંટણી ટાણે સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે તંત્ર તૈયાર છે. તેની પ્રતિતિ કરાવવા આજે તલોદ અને હરસોલમાં પોલીસે ફ્લેગ માર્ચનું આયોજન કર્યુ હતુ. મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે, જાહેર જન સમાજમાં શાંતિપૂર્ણ માહોલ બની રહે અને અસામાજીક તત્વો માથુ ન ઉંચકે તે માટે યોજાયેલી આ ફ્લેગ માર્ચમાં તલોદ-હરસોલના પોલીસ સબ ઈન્સ્પેક્ટરો, સ્ટાફ તથા સેન્ટ્રલ પેરા મીલીટરી ફોર્સ (સીપીએમએફ)ની એક પ્લાટુનના ૨૫ જવાનો અત્યાધુનિક શસ્ત્રો સાથે જોડાયા હતા.

ઉમેદવારી નોંધાવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાઘાણીએ માહિતી આપતા કહ્યું હતું કે, આવતીકાલે ગાંધીનગર લોકસભા બેઠક ઉપર ઉમેદવાર તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ નામાંકન દાખલ કરનાર છે. નામાંકન દાખલ કરતા પહેલા જનસભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સાથે સાથે ભવ્ય રોડ શો પણ યોજાશે. તેમના નારણપુરા ખાતે જુના નિવાસસ્થાન પાસેથી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે જનસભાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ, કેબિનેટ મંત્રી નીતિન ગડકરી, શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકારે, પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ, ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ ભવ્ય રોડ સોની શરૂઆત થશે. વાઘાણીએ માહિતી આપતા કહ્યું હતું કે, આ રોડ શો સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી આગળ વધતા પલ્લવ ચાર રસ્તા શાસ્ત્રીનગર પ્રભાત ચોક થઈ પાટીદાર ચોક સુધી આશરે ચાર કિલોમીટર સુધી યોજાશે. રોડ શોના સમાપન બાદ અમિત શાહ ગાંધીનગર પહોંચશે જ્યાં સેકટર ૬-૭ના બસ સ્ટેન્ડથી પથિકાશ્રમ સુધી ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહી માન સાંકળનું નિર્માણ કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના ભાજપના ઉમેદવાર અમિત શાહ આવતીકાલે તા.૩૦મી માર્ચના રોજ વિજયમૂર્હુતમાં પોતાનું ઉમેદવારી ફોર્મ ભરવા જઈ રહ્યા છે, ત્યારે ભાજપ દ્વારા અમિત શાહને શાહી અંદાજમાં રોડ-શો અને શકિત પ્રદર્શન મારફતે વિજય સંકલ્પનો શંખ ગુજરાત લોકસભાની ચૂંટણીમાં આવતીકાલે ફુંકવાની કવાયત હાથ ધરાઈ છે. આવતીકાલે અમિત શાહનો ત્રણથી ચાર કિલોમીટર લાંબો રોડ-શો યોજાશે, જેમાં એક લાખ કાર્યકરો અને લોકોને જોડવાનું ભાજપનું ગણિત છે. તો આ શકિત પ્રદર્શન અને રોડ-શો દરમ્યાન શિવસેના સુપ્રીમો ઉધ્ધવ ઠાકરે, નીતિન ગડકરી, રાજનાથસિંહ, રામવિલાસ પાસવાન સહિતના અનેક મહાનુભાવો પણ હાજરી આપે તેવી શકયતા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના ભાજપના ઉમેદવાર અમિત શાહ આવતીકાલે તા.૩૦મી માર્ચના રોજ શાહી અંદાજમાં ગુજરાત લોકસભા ચૂંટણીમાં એક ઐતિહાસિક ડગ માંડવા જઈ રહ્યા છે કારણ કે, અમિત શાહની આ સૌપ્રથમ લોકસભા ચૂંટણી છે કે જેમાં તેઓ સાંસદ બનવા માટે ઉમેદવારી નોંધાવશે. શાહના આવતીકાલે ઉમેદવારી ફોર્મ ભરવાને લઈ ભાજપે લગભગ તમામ પ્રક્રિયા પૂર્ણ કરી રાખી છે, માત્ર ઔપચારિકતા જ બાકી રખાઈ છે. ભાજપ દ્વારા અમિત શાહના નારણપુરાના ઘરથી માંડીને ગાંધીનગર સુધી ૨૫ કિમી લાંબા રૂટ પર રોડ શો અને માનવ સાંકળ રચવામાં આવશે. અમિત શાહના ઉમેદવારી પત્ર ભરવાના શકિત પ્રદર્શનમાં એક લાખથી વધુ લોકોને એકઠા કરવા માટેનો પ્લાન ગુજરાત ભાજપે નક્કી કર્યો છે. જેને અમલી બનાવવા માટે ગુજરાત ભાજપ સરકાર, સંગઠન અને સહકાર ક્ષેત્ર તમામને કામે લગાડી દેવામાં આવ્યા છે.

ગરમીનો પારો... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહોંચી ગયો છે ત્યારે આગામી દિવસોમાં ગરમી વધુ આક્રમક બનશે. વાતાવરણમાં અચાનક જ ગરમીનુ પ્રમાણ વધતા નગરજનો મોસમના બદલાવથી પ્રભાવિત છે. જયારે રજાના દિવસે હવે પણ હવે નગરના જનજીવન પર ગરમીની અસર વર્તાઈ રહી છે.

ફરિયાદ... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ઋત્વીજ જોષીએ જણાવ્યું હતું કે, વડોદરા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર રંજનબહેન ભટ્ટનું ઉમેદવારી પત્ર ભરવા માટે આજે મુખ્યમંત્રી વડોદરા આવ્યા હતા. હાલ લોકસભા ચૂંટણી માટે આદર્શ ચૂંટણી આચારસંહિતા લાગેલી છે, ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વીઆઈપી પ્રોટોકોલ વિના આવવાનું હોય છે. પરંતુ તેઓના કાફલમાં સરકારી તંત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઋત્વીજ જોષીએ વધુમા ઉમેર્યું કે, મુખ્યમંત્રીના આગમન સમયે જી.ઈ.બી.ના વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કોઈપણ જાતના જાહેરનામા વિના મુખ્ય રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. જેનાથી આદર્શ ચૂંટણી આચાર સંહિતાનો ભંગ થાય છે. જેથી તેઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માંગણી છે. મુખ્ય ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલે જણાવ્યું હતું કે, ચૂંટણી આચારસંહિતા ભંગની ફરિયાદ આજે મળી છે. આ મામલે યોગ્ય તપાસ કરવામાં આવશે. આ ફરિયાદ સામે તપાસ કરીને તેઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ અગ્રણી ઋત્વિજ જોષીએ વડોદરા શહેરમાં ભાજપના ઉમેદવાર રંજનબહેન ભટ્ટ અને એરપોર્ટ ઉપર લાગેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હોર્ડિંગ્સ મામલે પણ ગુરૂવારે ચૂંટણી અધિકારીને રજૂઆત કરી હતી. તેમની રજૂઆત બાદ ચૂંટણી તંત્ર દ્વારા હોર્ડિંગ્સ ઉપર સફેદ પટ્ટો મારી દેવામાં આવ્યો હતો.

૨૦૨૪માં જોઈશું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈને કામ કરીશું. મોદીએ કહ્યું કે વિપક્ષે હવે ૨૦૨૪ માટે અત્યારથી તૈયારી શ કરી દેવી જોઈએ કેમ કે ૨૦૧૯ લોકસભા ચૂંટણી માટેની જનતાએ મન બનાવી લીધું છે.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે કોંગ્રેસે ચૂંટણી દરમિયાન વાયદાઓ કરીને નવયુવાનોને લૂંટયા છે. નહેરુજી પણ ગરીબીની વાત કરતા, ઈન્દિરાજી પણ ગરીબીની વાત કરે છે. આજે તેમની પાંચમી પેઢી પણ ગરીબીની વાત કરી રહી છે.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ વિરુદ્ધ મહાભિયોગ લાવનાર, મીડિયા પર પ્રતિબંધો મૂકનાર અને કટોકટી લાદનાર લોકો મહેરબાની કરીને મને જ્ઞાન આપવાનો પ્રયાસ ન કરો એમ જણાવીને મોદીએ કહ્યું કે મને ગાળો આપવી એ વિપક્ષોની આદત થઈ ગઈ છે. જેઓ પોતાના પીએમ પર શક કરતા હોય અને જેઓ પાકિસ્તાનનાં પીએમનાં વખાણ કરતાં હોય તેમને હવે ઓળખી કાઢવાની જરૂર છે.

રોજગાર મામલે વિપક્ષો પર વળતો પ્રહાર કરતાં મોદીએ જણાવ્યું હતું શું જે લોકો ઈપીએફ ભરી રહ્યા છે તેઓ રોજગાર વગરના છે? જે લોકો સડકો બનાવી રહ્યા છે તે શું રોજગાર વગરના છે? કોંગ્રેસ આંકડા વગર લોકો વચ્ચે રોજગાર અંગે જુઠાણાં અને ભ્રમ ફેલાવી રહી છે.

જ્યારે પાકિસ્તાને એરફોર્સના પાઈલટ અભિનંદનને પરત સોંપ્યા ત્યારે દેશના તમામ રાજકીય પક્ષોએ એક સાથે કહેવું જોઈતું હતું કે એમને દેશની સેના પર ગર્વ છે કે તેમણે પાકિસ્તાનના એફ-૧૬ને ફૂંકી માર્યું છે. તેના બદલે અભિનંદન ક્યારે પરત આવશે તેની ચર્ચા કરવા લાગ્યા હતા. એ રાત્રે વિરોધ પક્ષોએ કેન્ડલ લાઈટ માર્ચ યોજીને પુલવામા હુમલાને મુદ્દો બનાવવાનું ષડયંત્ર તૈયાર કરી લીધુ હતું, તે પહેલાં જ સાંજે ૪-૫ વાગ્યે પાકિસ્તાનના વડા પ્રધાને અભિનંદનના વાપસીની જાહેરાત કરી દીધી હતી અને તેથી વિપક્ષોનું ષડયંત્ર ધરાશાયી થઈ ગયું હતું.

નીરવ મોદી, વિજય માલ્યા, મેહુલ ચેક્સી પર પીએમ મોદીએ કહ્યું કે વિપક્ષ અમારા પર પ્રહાર કરી રહ્યું છે કે આ લોકો ભાગી ગયા, પરંતુ અમારી જ કઠોર નીતિઓ છે જેના કારણે આ લોકો દેશ છોડીને ભાગી ગયા. પરંત શું તમે મેહસૂસ કર્યું કે અમે આ લોકોની સંપત્તિ મોટી સંખ્યામાં જપ્ત કરી છે. જેટલા રૂપિયા લઈને આ લોકો ભાગી ગયા હતા તેનાથી વધુની સંપત્તિ તો અમે લોકોએ જપ્ત કરી લીધી છે, જે બાદ આ લોકોની સમસ્યા ભારે વધી ગઈ છે.

વિકાસના પુરાવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતો દેવામાં ડૂબેલા છે અને તેમની કોઈ મદદ કરવા માટે તૈયાર નથી. કોંગ્રેસ મહાસચિવે કહ્યું છે કે, મહિલાઓ કહે છે કે તેઓ સુરક્ષિત નથી. વારાણસીમાં લોકો કહે છે કે, માત્ર દેખાવા પુરતા વિકાસની ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. મોદી વારાણસીના એક ગામમાં પણ ક્યારે ગયા નથી. મોદી પોતાના વચનો ઉપર કાયમ રહી શક્યા નથી. આ તમામ બાબતો દર્શાવે છે કે, ઉદ્યોગપતિઓમાં જ મોદી સરકારને રસ છે. કોંગ્રેસ સરકારના ગાળામાં મનરેગાની સ્કીમ શરૂ કરવામાં આવી હતી જેનો ભાજપે વિરોધ કર્યો હતો. મનરેગા યોજના ગ્રામિણ વિસ્તારોમાં લોકોને પસંદ પડી હતી. આજે મનરેગા હેઠળ કામ કરી રહેલા લોકોને છ-છ મહિના સુધી પૈસા મળી રહ્યા નથી. મનરેગાના કામ કોન્ટ્રાક્ટરોને આપવામાં આવી રહ્યા છે. આ યોજનાને બંધ કરવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે.

ઘેરાયુ પાકિસ્તાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટા ફટકા પડ્યા હતા. કારણ કે એકબાજુ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ટેરર ફંડિંગને લઈને એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. જેના પર ચર્ચા કરવામાં આવ્યા બાદ કઠોર નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. ચીને જેશના લીડર મસુદ અઝહરને વીટોનો ઉપયોગ કરીને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કરવાથી હાલમાં બચાવી લીધા બાદ તેની મુશ્કેલી પણ વધી રહી છે. મસુદના મુદ્દા પર અમેરિકા પણ હવે આક્રમક બન્યુ છે અને ચીને જે રીતે વલણ અપનાવ્યુ તેની નિંદા કરી છે. અમેરિકાના વધતા જતા દબાણના કારણે આગામી દિવસોમાં પાકિસ્તાનની હાલત વધારે કફોડી બની શકે છે. અમેરિકી સંસદમાં પણ પાકિસ્તાનની સામે હવે એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે પાકિસ્તાન પર ત્રાસવાદીઓ સામે વધારે કાર્યવાહી કરવા અને તેની આર્થિક મદદ રોકવાની રજૂઆત કરવામાં આવી રહી છે. ભારતના દબાણના કારણે આ તમામ બાબતો શક્ય દેખાઈ રહી છે. અત્રે નોંધનીય છે કે હાલમાં ચીને મસુદના મામલે અલગ વલણ અપનાવીને વૈશ્વિક દેશોને ચોંકાવી દીધા હતા. મસુદને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કરવા માટેના પ્રસ્તાવનો ચીને વિરોધ કર્યો હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધો તંગ બનેલા છે ત્યારે મસુદના મામલે લાવવામાં આવેલા પ્રસ્તાવનો ચીને વિરોધ કર્યા બાદ હવે અમેરિકા અન્ય રીતે ચીનને ભીસમાં લેવા માટે તૈયાર છે.